શો બાજ

# કોમેડી કિંગ સુદેશ લહેરી: અનોખી સ્ટાઈલ, અદભુત ટાઈમિંગ!



**સુદેશ લહેરી એ ભારતીય ટેલિવિઝન અને ફિલ્મ જગતનો એક એવો જાણીતો ચહેરો છે, જેમણે પોતાની અદભુત કોમેડી ટાઈમિંગ અને અનન્ય અભિનય શૈલીથી લાખો લોકોના દિલ જીત્યા છે. પંજાબના એક સામાન્ય પરિવારમાંથી આવીને મનોરંજનની દુનિયામાં પોતાની આગવી ઓળખ ઊભી કરનાર સુદેશનો સંઘર્ષ અને સફળતાની સફર ખરેખર પ્રેરણાદાયી છે. વર્ષ 2007માં ધ ગ્રેટ ઈન્ડિયન લાફ્ટર ચેલેન્જમાં સેકન્ડ રનર-અપ બન્યા પછી તેમને દેશભરમાં લોકપ્રિયતા મળી. 'કોમેડી સર્કસ' શોમાં કૃષ્ણા અભિષેક સાથેની તેમની જોડી ભારતીય ટેલિવિઝન ઈતિહાસની સૌથી સફળ કોમેડી જોડીઓમાંથી એક બની. આ શોમાં તેમની જુગલબંદી અને 'સાલે કા બુઢાપા.. જેવી સિગ્નેચર લાઈન્સ ખૂબ ફેમસ થઈ હતી. ટીવી શોઝ ઉપરાંત, તેમણે સલમાન ખાનની 'રેડી', 'જય હો' અને 'ટોટલ ધમાલ' જેવી મોટી બોલિવૂડ ફિલ્મોમાં પણ મહત્વની કોમેડી ભૂમિકાઓ ભજવી છે. આ સિવાય તેઓ 'ધ કપિલ શર્મા શો'નો પણ ભાગ રહી ચૂક્યા છે.**

**તમારી નવી ફિલ્મ આવી રહી છે। આ ફિલ્મમાં દર્શકોને શું નવું જોવા મળશે?**

અરે ભાઈ, નવું તો એ જ છે કે આ વખતે મેં ફિલ્મમાં આખી આસ્તીનવાળો શર્ટ પહેર્યો છે! (હસતા હસતા) ના, મજાકની વાત અલગ છે, પણ આ ફિલ્મમાં કોમેડીની સાથે એક સુંદર કૌટુંબિક મેસેજ છે. બસ એટલું સમજો કે થિયેટરમાં હસી-હસીને પેટ દબાવવું પડશે અને છેલ્લે આંખમાં એક નાનું આંસુ પણ આવી જશે.

**ફિલ્મનું શૂટિંગ કરતી વખતે કોઈ એવો કિસ્સો બન્યો જે તમને હંમેશા યાદ રહેશે?**

હા, એક સીન હતો જેમાં મારે હીરોની પાછળ દોડવાનું હતું. હું એટલો જોશમાં આવી ગયો કે હીરો તો આગળ નીકળી ગયો અને હું સીધો સેટ પર રાખેલા ડાયરેક્ટરના લંચના ટેબલ પર જઈને પડ્યો! ડાયરેક્ટરે કહ્યું, 'સુદેશજી, સીન તો ઓકે છે, પણ મારું પનીર ટીક્કા બગડી ગયું!'

**તમારી આગામી ફિલ્મો કે પ્રોજેક્ટ્સ વિશે કંઈક જણાવો, ફેન્સ રાહ જોઈ રહ્યા છે.**

જુઓ, આગામી પ્રોજેક્ટ્સમાં એક બહુ મોટી વેબ સિરીઝ આવી રહી છે. અત્યાર સુધી તમે મને સ્ટેજ પર જોયો છે, પણ હવે ઓટીટી (OTT) પર થોડો ધમાકો કરવાનો મૂડ છે. એક-બે હિન્દી ફિલ્મોની વાતચીત પણ ફાઈનલ સ્ટેજ પર છે, જેમાં તમને મારો એક અલગ જ અવતાર જોવા મળશે.

**શું આગામી દિવસોમાં આપણને કોઈ નવો સિંગિંગ પ્રોજેક્ટ કે આલ્બમ જોવા મળશે? કારણ કે તમે ગાઓ છો પણ બહુ સરસ।**

અરે વાહ, તમે મારી રગ પકડી લીધી! હા, હું એક મ્યુઝિકલ કોમેડી ટ્રેક પર કામ કરી રહ્યો છું. લોકો ગંભીર ગીતો ગાય છે, હું એવું ગીત લાવીશ જેને સાંભળીને લોકો નાચશે પણ ખરા અને હસશે પણ ખરા. બહુ જલ્દી તેની જાહેરાત કરીશ.

**ટેલિવિઝન પરના કોમેડી શોર્સ અને લાઈવ સ્ટેજ શોમાં તમને સૌથી વધુ ક્યાં મજા આવે છે?**

સ્ટેજ મારો પહેલો પ્રેમ છે ભાઈ! ટીવીમાં તો 'કટ' અને 'રી-ટેક' હોય છે, પણ સ્ટેજ પર જ્યારે સામે હજારોની મેદની બેઠી હોય અને તમે પંચ મારો ને જે તાળીઓનો ગડગડાટ થાય, એ જે નશો છે ને, એ દુનિયાના કોઈ એવોર્ડમાં નથી!

**સુદેશ લહેરીને દુનિયા હસાવતા જોવે છે, પણ તમને શેનો ડર લાગે છે?**

(ગંભીર થઈને, પછી હસતા હસતા) મને સૌથી મોટો ડર એ વાતનો લાગે છે કે ક્યાંક મારી પત્ની મને એમ ન કહી દે કે-'આજે રસોઈ તમારે બનાવવાની છે!' સાચું કહું તો, સ્ટેજ પર જતા પહેલાં આજે પણ એક સેકન્ડ માટે ધબકારો ચૂકી જવાય છે કે લોકો હસશે કે નહીં, એ જ ડર મને લાઈવ રાખે છે.

**તમારા આ આખા સફરમાં તમારી ફેમિલીનો કેવો સપોર્ટ રહ્યો છે?**

ફેમિલી વગર તો હું શૂન્ય છું. મેં જીવનમાં બહુ ગરીબી અને સંઘર્ષ જોયો છે. એ દિવસોમાં જ્યારે મારી પાસે કંઈ નહોતું, ત્યારે પણ મારી પત્ની બિલ્લો અને પરિવારે મારો સાથ નહોતો છોડ્યો. આજે હું ગમે તેટલો મોટો કલાકાર હોઉં, પણ ઘરે જઈને તો શાકભાજી મારે જ લેવા જવું પડે છે, એટલે એ લોકો મને જમીન પર રાખે છે!

**સાચી 'સફળતા' શું છે?**

જ્યારે તમે રસ્તા પરથી પસાર થાઓ અને કોઈ અજાણ્યો માણસ તમને જોઈને મુસ્કુરાઈ દે, એ જ સાચી સફળતા છે. પૈસા તો આવે ને જાય, પણ કોઈના ચહેરા પર સ્માઈલ લાવવાનું પુણ્ય કાયમ રહે છે.

**ટ્રોલ્સને કેવી રીતે હેન્ડલ કરો છો?**

અરે, હું તો ટ્રોલ્સને કહું છું કે ભાઈ, થોડી મહેનત વધારે કરો, તમારી કોમેડી મારા કરતાં પણ નબળી છે! (હસીને) મજાકની વાત અલગ છે, પણ હું નકારાત્મકતા પર ધ્યાન નથી આપતો. જે પ્રેમ આપે છે એના હૃદયમાં રહું છું, જે ટ્રોલ કરે છે એમને પણ હસાવવાનો પ્રયત્ન કરું છું.

**કૃષ્ણા અભિષેક વિશે બે શબ્દો કહેવા હોય તો?**

કૃષ્ણ મારો ભાઈ છે, મારો પાર્ટનર છે અને મારી અડધી તાકાત છે. સ્ટેજ પર જ્યારે અમે બંને હોઈએ ને, ત્યારે અમારે સ્ક્રિપ્ટની જરૂર નથી પડતી. એ મારી આંખો જોઈને સમજી જાય છે કે હું શું બોલવાનો છું. અમારી કેમિસ્ટ્રી ભગવાને બનાવી છે.

**આજકાલના ફિલ્મ ઇન્ડસ્ટ્રી વિશે તમારું શું માનવું છે? કંઈ બદલાવ દેખાય છે?**

ઈન્ડસ્ટ્રી હવે બહુ પ્રોફેશનલ થઈ ગઈ છે અને ટેકનોલોજી પણ જોરદાર આવી ગઈ છે. પણ હા, ક્યારેક મને લાગે છે કે પહેલાં જે ફિલ્મોમાં વન-ટુ-વન બેસીને વાતો થતી, જે ગરમાવો હતો, એ હવે થોડો ઓછો થયો છે. છતાં, નવા કલાકારો અદભુત કામ કરી રહ્યા છે.

**એક દિવસ માટે ભારતના વડાપ્રધાન બનાવી દેવામાં આવે, તો સૌથી પહેલું કામ શું કરો?**

હું સૌથી પહેલો કાયદો એવો લાવીશ કે અઠવાડિયામાં બે દિવસ સરકારી ઓફિસોમાં ફક્ત જોક્સ કહેવાના અને હસવાનું જ રાખવું, ફાઈલો પછી સાઈન થશે!

**હોલીવૂડ ફિલ્મની ઓફર મળે, તો શું કરશો?**

મારી અંગ્રેજી સાંભળીને તો હોલીવૂડવાળા પોતાની ફિલ્મો હિન્દીમાં ડબ કરવા માંડશે! હું ચોક્કસ કરીશ, પણ શરત એટલી કે મારે ડાયલોગ પંજાબી કે હિન્દીમાં બોલવાના અને એમણે સબટાઈટલ મૂકવાના!

**જો તમને ભૂત મળી જાય, તો તમે એની સાથે શું કરશો?**

હું એને મારી બાજુમાં બેસાડીશ અને મારા જૂના જોક્સ સંભળાવીશ. ભૂત પોતે જ કહી દેશે, 'ભાઈ, તારા કરતાં તો મારી દુનિયા સારી છે, હું જાઉં છું!'

**અર્ચના પુરણ સિંહના હાસ્ય પાછળનું અસલી રહસ્ય શું છે?**

(હસીને) અરે, અર્ચનાજીનું દિલ બહુ મોટું છે. પણ હા, ક્યારેક અમને શંકા જાય છે કે સોફાની નીચે કોઈ માણસ તો નથી રાખ્યો ને જે એમને ગલીપચી કરતો રહે! એમનું હાસ્ય આખા સેટ પર ઉર્જા ભરી દે છે.

**તમારા ચાહકો અને જે લોકો જીવનમાં ખૂબ ટેન્શનમાં રહે છે, એમને સુદેશ લહેરીની શું સલાહ છે?**

બસ એટલું જ કહીશ કે જિંદગી એક જ વાર મળી છે, હસી-ખુશીથી જીવી લો. મુશ્કેલીઓ તો આવ્યા કરશે, પણ એની સામે એક સરસ સ્માઈલ આપીને કહો- "ઓલ ઈઝ વેલ. ●

# કોર્ટરૂમ ડ્રામામાં સસ્પેન્સનો તડકો: 'અમર વિશ્વાસ'




ફ્રી વોચ

આજકાલ વીકેન્ડ આવે એટલે ઘરમાં એક જ સવાલ ગુંજે છે - "OTT પર નવું શું આવ્યું છે?" જો તમે પણ ક્રાઈમ થ્રિલર, સસ્પેન્સ અને કોર્ટરૂમના દાવપેચના શોખીન હોવ, તો આ શનિ-રવિ તમારી સ્ક્રીન માટે એક મસ્ત મસાલેદાર કન્ટેન્ટ આવી ગયું છે. જાણીતા મરાઠી લેખક સુહાસ શિર્વલકરની લોકપ્રિય નવલકથા 'સ્ટાર હન્ટર્સ' પર આધારિત નવી વેબ સિરીઝ 'અમર વિશ્વાસ' હાલ ધૂમ મચાવી રહી છે. ટીવી અને ફિલ્મોના જાણીતા અભિનેતા રાજીવ ખંડેલવાલ ફરી એકવાર એક ધારદાર રોલ સાથે ડિજિટલ સ્ક્રીન પર કમબેક કરી ચૂક્યા છે. 10 એપિસોડની આ સિરીઝમાં એવું શું ખાસ છે કે જે ડિજિટલ જગતમાં ચર્ચાનો વિષય બન્યું છે? ચાલો કરીએ આ સિરીઝનું એક રસપ્રદ પોસ્ટમોર્ટમ! સ્ટોરીની શરૂઆત જ એક હાઈ-પ્રોફાઈલ મર્ડરથી થાય છે. બોલિવૂડના એક જાણીતા અને વગદાર પ્રોડ્યુસર જેસુ મોમિન (અલી હસન)ની હોટેલના રૂમમાં હત્યા થઈ જાય છે. શંકાની સોય સીધી ઈન્ડસ્ટ્રીમાં નસીબ અજમાવવા આવેલી એક સ્ટ્રગલિંગ એક્ટ્રેસ બહાર ચક્રવર્તી (ઉર્વશી પરદેશી) પર ટકે છે. મીડિયા હંમેશાની જેમ કોર્ટના ચુકાદા પહેલા જ તેને 'વિલન' સાબિત કરવા બેબાકળું બને છે. પણ, વાર્તામાં અસલી વળાંક ત્યારે આવે છે જ્યારે આ કેસ લડવા માટે એન્ટ્રી થાય છે એડવોકેટ અમર વિશ્વાસ (રાજીવ ખંડેલવાલ)ની. અમર એવો વકીલ છે જે કાયદાની બારીકાઈઓ અને પુરાવાઓ પર જ 'વિશ્વાસ' રાખે છે. તેની સામે સરકારી વકીલ તરીકે મેદાનમાં ઉતરે છે દિગંબર દીક્ષિત (રવિ બેહલ), જે વાસ્તવમાં અમરના જ ભૂતપૂર્વ ગુરુ છે! હવે કોર્ટરૂમમાં ગુરુ અને ચેલા વચ્ચે જે કાનૂની યુદ્ધ અને બુદ્ધિ ચાતુર્યના દ્રશ્યો સર્જાય છે, તે દર્શકોને સ્ક્રીન સામેથી હલવા દેતા નથી. રાજીવની ખાસિયત એ છે કે તે ક્યારેય 'લાઉડ' એક્ટિંગ નથી કરતો. આ સિરીઝમાં તે કોઈ ફિલ્મી વકીલની જેમ રાડા-રાડી કરવાને બદલે આંખોથી અને ધારદાર દલીલોથી સામા પક્ષને ભીંસમાં લેતો જોવા મળે છે. વકીલના ક્લાસી લુકમાં તે એકદમ ફિટ બેસે છે. 90ના દાયકાના યુવાનો માટે રવિ બેહલ એટલે 'બૂગી વૂગી' શોનો હસતો-રમતો ચહેરો. પરંતુ આ સિરીઝમાં તેમને એક ગંભીર અને સખત સરકારી વકીલના નેગેટિવ શેડવાળા રોલમાં જોવા એ એક અદભુત સરપ્રાઈઝ છે. સપોર્ટિંગ કાસ્ટ જોઈએ તો આમિર અલી, બરખા બિશ્ત અને પોલીસ ઓફિસરના રોલમાં સૌરભ ગોખલેએ પોતાની ભૂમિકાને પૂરો ન્યાય આપ્યો છે. અમરની આસિસ્ટન્ટ ટીમ તરીકે ગર્વિતા સાધવાની અને અનિલ ચરણજીત વાર્તામાં હળવી પળો ઉમેરવાનું કામ કરે છે. ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ચાલતા કાસ્ટિંગ કાઉચ, નેપોટિઝમ અને મીડિયા ટ્રાયલ (કોઈપણ પુરાવા વગર મીડિયા દ્વારા ગુનેગાર જાહેર કરી દેવા) જેવી વાસ્તવિકતા પર અહીં આડકતરો અને મજબૂત પ્રહાર કરવામાં આવ્યો છે. આ સિરીઝ માત્ર કોર્ટરૂમની ચાર દીવાલો વચ્ચે કેદ નથી રહેતી. અમર વિશ્વાસ અને તેની ટીમ કેસ જીતવા માટે જાતે જ સડકો પર ઉતરીને જે ઈન્વેસ્ટિગેશન કરે છે, તે જોઈને તમને શેરલોક હોમ્સ જેવી મજા આવશે. જો એડિટિંગ થોડું વધારે શાર્પ હોત અને વાર્તા 7 કે 8 એપિસોડમાં સમેટી લેવાઈ હોત, તો રોમાંચ બેવડાઈ જાત. કેટલાક ટ્વિસ્ટ એવા છે જે અનુભવી ઓડિયન્સ અગાઉથી ધારી શકે છે. જો તમને સની દેઓલની સ્ટાઈલ વાળી "તારીખ પે તારીખ"ની રાડો ગમતી હોય, તો કદાચ આ સિરીઝ તમને શાંત લાગશે. પણ જો તમને 'જોલી LLB' કે 'ગિલ્ટી માઈન્ડ્સ' જેવો પ્રશંસનીય અને બુદ્ધિશાળી કોર્ટ ડ્રામા ગમતો હોય, તો 'અમર વિશ્વાસ' તમારા વીકેન્ડને સુધારી દેશે. Amazon MX Player પર આ સિરીઝ બિલકુલ ફ્રીમાં ઉપલબ્ધ છે, એટલે કે પૈસા વસૂલ મનોરંજનની ગેરંટી!

> **ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં ચાલતા કાસ્ટિંગ કાઉચ, નેપોટિઝમ અને મીડિયા ટ્રાયલ જેવી વાસ્તવિકતા પર અહીં આડકતરો અને મજબૂત પ્રહાર કરવામાં આવ્યો છે**

રેટિંગ: 3.5 / 5 સ્ટાર્સ. ●

# ગીતા કપૂર : શો સ્ક્રિપ્ટેડ હોઈ શકે, જજમેન્ટ નહીં



સ્મોલ સ્ક્રિન

આજે જ્યારે પણ સોશિયલ મીડિયા કે ચાની કિટલી પર રિયાલિટી શોઝની ચર્ચા થાય, ત્યારે એક સવાલ અચૂક પૂછાય છે: 'શું આ બધું સ્ક્રિપ્ટેડ હોય છે?' આ સવાલનો સૌથી સચોટ, ઈમાનદાર અને મજેદાર જવાબ ગીતા માંની જર્ની અને તેમની જજિંગ સ્ટાઈલમાંથી મળે છે: 'શો સ્ક્રિપ્ટેડ હોઈ શકે, પણ અમારું જજમેન્ટ ક્યારેય સ્ક્રિપ્ટેડ નથી હોતું!'

ટેલિવિઝન એક એવું માધ્યમ છે જ્યાં મનોરંજન સર્વોપરી છે. એક બે કલાકના એપિસોડને રસપ્રદ બનાવવા માટે કેટલીક વસ્તુઓ પૂર્વ-આયોજિત એટલે કે સ્ક્રિપ્ટેડ હોય તે સ્વાભાવિક છે. જેમ કે: એન્કરની મજેદાર શાયરીઓ અને પંચલાઈન્સ. જજ સાહેબોની ગ્રાન્ડ એન્ટ્રી અને એકબીજા સાથેની મીઠી નોક-ઝોક. શોમાં આવતા સ્પેશિયલ ગેસ્ટ્સનું સ્વાગત અને તેમની જૂની વાતોની યાદો.

આ બધું શોનો એક હિસ્સો છે જે દર્શકોને ટીવી સ્ક્રીન સાથે જકડી રાખે છે. ક્યારેક ટીઆરપી (TRP) માટે કન્ટેન્ટને થોડું ડ્રામેટિક પણ બનાવવામાં આવે છે. પરંતુ, વાર્તા ત્યાં આવીને અટકે છે જ્યાં એક કન્ટેસ્ટન્ટ સ્ટેજ પર આવીને પર્ફોર્મ કરે છે અને જજીસની સામે ઊભો રહે છે.

ગીતા હંમેશાં માને છે કે જે ક્ષણે કોઈ કલાકાર સ્ટેજ પર પોતાનો પરસેવો પાડે છે, તે ક્ષણ સો ટકા સાચી હોય છે. ડાન્સના એ ત્રણ મિનિટના પર્ફોર્મન્સમાં કોઈ સ્ક્રિપ્ટ કામ નથી આવતી. ત્યાં માત્ર અને માત્ર મહેનત, ટેકનિક અને કળા બોલે છે.

જ્યારે ગીતા માં કોઈ પર્ફોર્મન્સ જુએ છે, ત્યારે તેમનું જજમેન્ટ કોઈ ડિરેક્ટરના કાનમાં કહેલા શબ્દો પર આધારિત નથી હોતું. તેમની આંખોમાં વર્ષોનો અનુભવ છે. પર્ફોર્મન્સ પૂરું થતાં જ જો કોઈ કન્ટેસ્ટન્ટે અદભુત ડાન્સ કર્યો હોય, તો ગીતા માના મોંમાંથી તે હૃદયના ઊંડાણમાંથી નીકળેલો સાચો ઉદ્ગાર હોય છે, કોઈ સ્ક્રિપ્ટ રાઈટરના લખેલા ડાયલોગ નહીં. ગીતા મા એ ગુરુ-શિષ્ય પરંપરા જોઈ છે. ફરાહ ખાનના હાથ નીચે વર્ષો સુધી સખત મહેનત કરીને તેઓ આ મુકામ પર પહોંચ્યા છે. તેથી, તેઓ ક્યારેય કોઈ નબળા ડાન્સરને માત્ર શોના ડ્રામા માટે સારા માર્ક્સ ન આપી શકે. જ્યારે કોઈ નાનો બાળક કે ગરીબ ઘરનો કલાકાર અદભુત ડાન્સ કરે છે, ત્યારે ગીતા માની આંખોમાં આવતા આંસુ સાચા હોય છે. ભાવનાઓ ક્યારેય સ્ક્રિપ્ટેડ નથી હોતી. તે સ્ટેજ પર કલાકારના સંઘર્ષ અને તેની કળાને જોઈને આપોઆપ છલકાઈ જાય છે.

ડાન્સમાં 'લાઈન', 'લેન્થ', 'પોશ્ચર' અને 'રિધમ' જેવી ટેકનિકલ બાબતો હોય છે. જો કોઈ ડાન્સર સ્ટેજ પર ભૂલ કરે, તો ગીતા મા તેને લાઈવ પકડવામાં માહેર છે. તે ભૂલને સુધારવી અને યોગ્ય માર્ગદર્શન આપવું એ જ સાચા જજની ઓળખ છે.

રિયાલિટી શોઝમાં ક્યારેક કન્ટેસ્ટન્ટ્સની ગરીબી, પારિવારિક સમસ્યાઓ કે ઈમોશનલ સ્ટોરીઝ બતાવવામાં આવે છે. આ બાબતે સોશિયલ મીડિયા પર ઘણી ટ્રોલીંગ પણ થાય છે. પરંતુ ગીતા માં આવી પરિસ્થિતિઓને ખૂબ જ ડિગ્નિટી સાથે હેન્ડલ કરે છે. તેઓ સ્પષ્ટ માને છે કે-'ભલે કન્ટેસ્ટન્ટની બેકગ્રાઉન્ડ સ્ટોરી ગમે તે હોય, પણ અમારો સ્કોર અને અમારો નિર્ણય માત્ર તેના એ સ્ટેજ પરના ત્રણ મિનિટના પર્ફોર્મન્સ પર જ નિર્ભર કરે છે.'

તેમના જજમેન્ટમાં ક્યારેય પક્ષપાત જોવા મળતો નથી. જો કોઈ મોટો સેલિબ્રિટી ડાન્સર પણ ભૂલ કરે, તો તેઓ પ્રેમથી પણ મક્કમતાથી તેની ભૂલ દર્શાવે છે. અને જો કોઈ નવોદિત કલાકાર અદભુત પર્ફોર્મ કરે, તો તેને સ્ટેજ પર જઈને ગળે લગાડવામાં કે તેના પગે લાગવામાં પણ તેઓ અચકાતા નથી. આ જ બાબત સાબિત કરે છે કે કેમેરા પાછળ ભલે ગમે તેટલી સ્ક્રિપ્ટ ચાલતી હોય, જજની ખુરશી પર બેઠેલી વ્યક્તિ પોતાના આત્મા અને કળાને વફાદાર છે. આખરે, રિયાલિટી શો એ અડધું સત્ય અને અડધું મનોરંજન છે. પરંતુ ગીતા મા એ વાતની ખાતરી આપે છે કે કળા સાથે ક્યારેય અન્યાય નહીં થાય.

જ્યારે ગીતા મા કોઈ કન્ટેસ્ટન્ટના પર્ફોર્મન્સ પર ખુશ થઈને કહે છે ને કે-'મેરા બચ્ચા!'ત્યારે એ શબ્દોમાં એક માની સાચી મમતા અને ગુરુનો સાચો ગર્વ છલકાતો હોય છે. એટલે જ કહી શકાય કે, પડદા પર ભલે ગમે તેટલી સ્ક્રિપ્ટો લખાતી ભૂંસાતી રહે, પણ જ્યારે વાત હુનરને પારખવાની આવે છે, ત્યારે ગીતા માનું જજમેન્ટ હંમેશાં અનસ્ક્રિપ્ટેડ, પ્યોર અને સાચું જ હોય છે! ●